સૂચિ રાખશે કે જેના માટે ન્યાયાલયમાંથી રીસેપ્શન ઓર્ડર અપાયેલ છે અને માનસિક બિમાર વ્યક્તિઓની સારવારની પ્રગતિનું અવલોકન કરશે કે જ્યાં માનસિક રીતે બિમાર વ્યક્તિને રીસેપ્શન ઓર્ડર મુજબ મનોચિકિત્સક હોસ્પિટલો અથવા મનોચિકિત્સક નર્સીંગ હોમ્સમાં રાખવામાં આવી છે.

- કાનૂની સેવા સંસ્થા સંબંધિત મેજિસ્ટ્રેટશ્રીનું ધ્યાન એવા માનસિક રોગી પ્રત્યે દોરશે જેઓને રીસેપ્શન ઓર્ડર અનુસાર મનોચિકિત્સક હોસ્પિટલો અથવા મનોચિકિત્સક નર્સીંગ હોમ્સમાં મોકલવામાં આવેલ છે અને જેઓ ઉપચાર બાદ સ્વસ્થ થયા હોવા છતાં ત્યાં રહ્યા છે.
- કાનૂની સેવા સંસ્થા, પોતાના અર્ધ કાનૂની સ્વયંસેવક (પી.એલ.વી.) / પેનલ / રીટેઈનર વકલીશ્રીઓના માધ્યમથી, સ્વેચ્છાએ ઉપચાર પામેલા રોગીઓની કલમ ૧૮ મુજબ અથવા પોતાની ઈચ્છા જણાવી શકવાને અસમર્થ રોગીઓ કે જેઓ રોગમુક્ત થયા છે તેઓની મુક્તિ માટે કલમ ૧૯ મુજબ અરજી કરવામાં આવશે.
- કાનૂની સેવા સંસ્થા, અધિનિયમની કલમ ૧૯(૧) મુજબ ક્લિનિક અથવા આગન્તુક બોર્ડ (બોર્ડ ઓફ વિઝીટર્સ)ના માધ્યમથી માનસિક બિમાર વ્યક્તિઓના પ્રવેશની માહિતી મેળવતા રહેશે જેથી જાણકારી મેળવી શકાય કે શરૂઆતના ૯૦ દિવસથી વધુ કસ્ટડી માત્ર ન્યાયાલયના આદેશોના કારણથી થઈ છે.
- બધી કાનૂની સેવા સંસ્થા, અધિનિયમ કલમ ૨૦ મુજબ, બધી બાબતો પર એનું પણ ધ્યાન રાખશે કે જેથી કોઈપણ ઉપચાર પામેલ રોગી મનોચિકિત્સક હોસ્પિટલ, ભવન અથવા સુવિધા કેન્દ્રમાં ભૂલથી પણ રહી ન જાય. સંસ્થાએ રોગીના ઠીક થતાં જ તેની મુક્તિ માટે અરજી કરવી જોઈએ.
- કાનૂની સેવા સંસ્થા અધિનિયમની કલમ ૨૩ સાથે વાંચતા કલમ ૨૫ મુજબ, રખડતા અથવા નિ:સહાય માનસિક બિમાર વ્યક્તિઓના કેસની કાર્યવાહી ઉપર ધ્યાન રાખશે જેથી અધિનિયમની કલમ ૨૮ મુજબ મેજિસ્ટ્રેટશ્રી દ્વારા કોઈ વ્યક્તિને દેખરેખ નીચે ૧૦ દિવસની મર્યાદામાં રાખવાની જરૂરિયાત અંગેનું પુર્નવલોકન સખ્તીથી કરી શકાય તથા એવો કોઈપણ વ્યક્તિ અધિનિયમની કલમ ૨૪(૨) (એ) મુજબ માનસિક બિમારીનું પ્રમાણપત્ર આપવા માટે જરૂરી હોય તેનાથી વધુ સમય સારવાર માટે ન રહે.
- કાનૂની સેવા સંસ્થાઓ પોતાના કાનૂની સેવા ક્લિનિક અને (પી.એલ.વી.) તથા પેનલ / રીટેઈનર વકીલશ્રી દ્વારા રોગીઓના ડિસ્ચાર્જનો ટ્રેક રેકોર્ડ રાખશે અને જ્યારે આવશ્યક હોય રોગીઓને હોસ્પિટલમાંથી રજા મેળવવા માટે મેડિકલ ઓફિસર અથવા રીસેપ્શન ઓર્ડર પસાર કરનાર ન્યાયાલય સમક્ષ અરજી કરવામાં સહયોગ અને મદદ કરશે.
- અધિનિયમની કલમ ૪૫ અને ૪૬ અંતર્ગત કરેલ જોગવાઈ મુજબ ગેરહાજરીની મંજૂરી મેળવવામાં કાનૂની સેવા ક્લિનિક અને અર્ધ કાનૂની સ્વયંસેવક (પી.એલ.વી.) તથા પેનલ / રીટેઈનર વકીલશ્રી દાખલ થયેલ રોગીઓની મદદ કરશે અને અધિનિયમની કલમ ૪૯ અંતર્ગત થયેલ જોગવાઈ મુજબ અપીલ દાખલ કરાવામાં પણ તેમને સહયોગ કરશે.
- કાનૂની સેવા સંસ્થા માનસિક રીતે બિમાર વ્યક્તિઓના હિતોની સુરક્ષા હેતુ અધિનિયમની કમલ ૫૦ અંતર્ગત ન્યાયિક તપાસ કાર્યવાહીમાં પણ સામેલ થશે અને જિલ્લા ન્યાયાધિશશ્રીને વિનંતી કરશે કે જ્યારે પણ તેમની સમક્ષ કલમ ૫૦ અંતર્ગત કોઈ અરજી આવે તો તે કાનૂની સેવા સંસ્થાને પણ નોટીસ કરે.
- જ્યારે કલમ ૫૩ અંતર્ગત વ્યક્તિનો કોઈ વાલી નિમાયેલ હોય અને / અથવા કલમ ૫૪ અંતર્ગત સંપત્તિ માટે મેનેજર નિમાયેલ હોય અથવા અધિનિયમની કલમ ૭૧ અને કલમ ૭૯ અંતર્ગત ભરણપોષણનો આદેશ પસાર કરવામાં આવેલ હોય તો કાનૂની સેવા સંસ્થા દરેક કેસનું ધ્યાન રાખશે અને આવી વ્યક્તિના હિતોની સુરક્ષા માટે જરૂરી કાર્યવાહી કરશે.
- અધિનિયમની કલમ ૭૬ અંતર્ગત જે જોગવાઈ છે તે મુજબ કાનૂની સેવા સંસ્થા અપીલ કરવા માટે શક્ય તમામ મદદ કરશે.
- કાનૂની સેવા સંસ્થાઓ, કાનૂની સેવા ક્લિનિકો અને અર્ધ કાનૂની સ્વયંસેવકો (પી.એલ.વી.) દ્વારા અને બોર્ડ ઓફ વિઝીટર્સના સભ્યને સામેલ કરીને મુલાકાત દ્વારા એ સુનિશ્ચિત કરશે કે નિવાસીઓ (ઈનમેટ્સ)ના માનવ અધિકારોનો ભંગ ન થાય તથા જ્યારે પણ એવો ભંગ થયેલ જણાય ત્યારે નામદાર હાઈકોર્ટનું ધ્યાન દોરવામાં આવે.
- નેશનલ ટ્રસ્ટ ફોર ધ વેલફેર ઓફ પર્સન્સ વીથ ઓટિઝમ, સેરેબલ પાલ્સી મેન્ટલ રીટાર્ડેશન એન્ડ મલ્ટીપલ ડિસએબીલીટીઝએક્ટ ૧૯૯૯ તે એક વ્યાપક અધિનિયમ છે જે માનસિક રીતે અશક્ત લોકોની સંભાળ રાખે છે. જેમાં માનસિક રીતે અશક્ત લોકાના માતાપિતાની સારસંભાળમાં મદદને સામેલ કરીને અને વાલીની નિયુક્તિ દ્વારા માતાપિતાના અવસાન પછી માનસિક રીતે બિમાર વ્યક્તિઓની સારસંભાળ અને તેઓની આર્થિક સ્થિતિનો પ્રબંધ કરવાનું સામેલ છે. તે મહત્વપૂર્વ છે કે કાનૂની સેવા સંસ્થાઓ અધિનિયમના વિષયમાં લોકોને જાણ કરે અને તેનો લાભ ઉઠાવવામાં તેમની મદદ કરે અને માનસિક રીતે અસ્વસ્થ વ્યક્તિ માટે વાલીની નિમણુંક અંગે પી.એલ.વી. અને કાનૂની સેવા ક્લિનિક આવી વ્યક્તિઓ અને તેમના પરિવારની મદદ કરશે.
- કાનૂની સેવા સંસ્થાઓ માનસિક રોગીઓ અને માનસિક રીતે અશક્ત વ્યક્તિઓને તેમના વારસાઈના હક્ક, સંપત્તિની માલિકીના અધિકાર અને આર્થિક અધિકારોનો ઉપભોગ કરવામાં મદદ કરશે. માનસિક રોગ અને માનસિક અશક્તતાથી ગ્રસ્ત લોકો પણ અન્ય લોકોની જેમ સ્થાયી અને જંગમ સંપત્તિના વારસાનો અધિકાર રાખે છે અને પોતાની આર્થિક બાબતો પર નિયંત્રણ રાખવા બેંક લોન, મોર્ગેજ અને અન્ય આર્થિક લાભોનો અધિકાર ધરાવે છે, જેનો લાભ તેમના દ્વારા વ્યક્તિગત રૂપે લઈ શકાય છે અથવા કોઈ તેવા સહયોગી વ્યક્તિ દ્વારા જે માનસિક રોગ અથવા માનસિક રીતે અસ્વસ્થ વ્યક્તિની સાથે કોઈ ભેદભાવ નથી રાખતા તેને સાકાર કરવામાં કાનૂની સેવા સંસ્થાઓ બધી કાનૂની મદદ પૂરી પાડશે.
- કાનૂની સેવા સંસ્થાઓ, પી.ડબલ્યુ.ડી. એક્ટ, ૧૯૯૫ અંતર્ગત બધા લાભો માનસિક રીતે અશક્ત વ્યક્તિઓને મળી રહે તે માટે તેઓને મદદ કરશે.
- કાનૂની સેવા સંસ્થાઓ માનસિક રીતે અશક્ત વ્યક્તિઓ અને તેમના પરિવારો માટેની લાભકર્તા જુદી જુદી કલ્યાણકારી યોજનાઓની માહિતી મેળવશે અને આ યોજનાઓ અંતર્ગત મળવાપાત્ર લાભો તેઓને મળી રહે તે માટે કાનૂની સેવા સંસ્થાઓ માનસિક રીતે અશક્ત વ્યક્તિઓ અને તેમના પરિવારોની મદદ કરશે.

**ભટકતા, બેઘર અને નિ:સહાય માનસિક બિમાર તથા માનસિક રીતે અશક્ત વ્યક્તિઓને કાનૂની સહાય :-**

**કાનૂની સેવા સંસ્થાઓ દ્વારા લેવામાં આવનારા પગલાં :-**

- કાનૂની સેવા સંસ્થાઓને માનસિક સ્વાસ્થ્ય અધિનિયમ ૧૯૮૭ની કલમ ૨૪ અથવા ૨૫ મુજબ માનસિક બિમાર વ્યક્તિના સર્વશ્રેષ્ઠ હિતોનું પ્રતિનિધિત્વ કરવા માટે સક્ષમ તથા સંવેદનશીલ વકીલશ્રીઓની પેનલ તૈયાર કરવી જોઈએ જે મેજિસ્ટ્રેટશ્રીને માનસિક બિમાર વ્યક્તિના કલ્યાણ હેતુ આદેશ આપતા સમયે પૂરી પાડી શકે.

**જાગૃતિ અને સંવેદનશીલતા કાર્યક્રમ :-**

- કાનૂની સેવા સંસ્થાઓ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરશે અને તેમાં પણ વિશેષ રૂપે ગામડાંઓમાં આયોજન કરશે જેથી લોકોને શિક્ષિત કરી શકાય કે માનસિક રોગની સારવાર શક્ય છે અને માનસિક રોગ અથવા માનસિક અશક્તતા તે કલંક કે અભિશાપ નથી.
- કાનૂની સેવા સંસ્થાઓ સમાજમાં માનસિક રોગીઓની સાથે પણ અન્ય સામાન્ય લોકો સાથે જેવો સામાન્ય વ્યવહાર કરવામાં આવે છે તેવો જ વ્યવહાર માનસિક રોગીઓ સાથે પણ કરવો જોઈએ તેની જરૂરિયાત બતાવશે અને તેવા વિશેષ કાનૂની જાગૃતિ શિબિરોમાં મનોચિકિત્સકો, વકીલશ્રીઓ અને સામાજિક કાર્યકર્તાઓને ઉપસ્થિત રાખીને તેમની મદદથી શિબિરમાં આવેલ લોકોની માનસિક રોગ અને માનસિક અશક્તતાના વિષયમાં ભ્રમ અને ભ્રાંતિઓને દૂર કરવા પ્રયત્ન કરશે.
- કાનૂની સેવા સંસ્થાઓ એવા શિબિરોમાં સામાન્ય પ્રજાને અને માનસિક રોગીના પરિવારજનોને આવી વ્યક્તિના સંપત્તિ સંબંધિત અને તેમના અન્ય કાનૂની અધિકાર તથા કાનૂનની અન્ય જોગવાઈ અંગે શિક્ષિત કરશે અને જાણકારી આપશે.
- રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, જ્યુડીશીયલ એકેડમીના સહયોગથી પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન કરી શકે છે જેથી ન્યાયિક અધિકારીઓને માનસિક રોગીઓ અને માનસિક રીતે અશક્ત વ્યક્તિઓ અને તેમના માતાપિતા, સંબંધીઓ અને પરિવારના સભ્યો દ્વારા સહન કરવામાં આવેલ સામાજિક અને કાનૂની સમસ્યાઓના સંબંધમાં દરેકને સંવેદનશીલ બનાવી શકાય.
- એવા જ કાર્યક્રમ કાનૂની પરિષદોના સહયોગથી આયોજન કરવું જોઈએ કે જેથી પેનલ વકીલશ્રીઓ અને કાનૂની વ્યવસાયના અન્ય સભ્યોને સંવેદનશીલ બનાવી શકાય.
- કાનૂની સેવા સંસ્થાઓ, સ્વયંસેવી સંસ્થાઓ અને અન્ય સ્વયંસેવી સામાજિક સંસ્થાઓનો માનસિક રોગીઓ અને માનસિક રીતે અશક્ત વ્યક્તિઓ સંબંધિત સમસ્યાઓના સમાધાન માટે સંપર્ક કરશે.

# ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ

## અમદાવાદ

## નાલસા

## (માનસિક બિમાર અને માનસિક અશક્તતાગ્રસ્ત વ્યક્તિઓ માટે કાનૂની સેવાઓ) યોજના, ૨૦૧૫

## - સંક્ષિપ્ત આલેખન

### કેવળ જન જાગૃતિ

- આ યોજના અંતર્ગત કોઈપણ પ્રકારની જાણકારી અથવા મદદ માટે સંબંધિત વિભાગના સક્ષમ પદાધિકારી અથવા ગુજરાત રાજ્ય કાનૂની સેવાસત્તા મંડળ, અમદાવાદનો સંપર્ક કરવો.

  (ટેલીફોન-ફેક્સ નં.૦૭૯-૨૭૬૬૪૯૬૪, ૨૭૬૬૫૨૯૬)

  તથા ટોલ ફ્રી નં. ૧૮૦૦-૨૩૩-૭૯૬૬ / ૧૫૧૦૦

  (Website:http://gujarathighcourt.nic.in/gslsa/index.asp)

  (email: msguj.lsa@nic.in)

  (જિલ્લા સ્તર પર સંબંધિત જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ અને તાલુકા કાનૂની સેવા સમિતિ) નો સંપર્ક કરી શકાય છે.
- સૂચના-સહ સામગ્રી કેવળ જન જાગૃતિ અર્થે છે. (કોઈ પણ પ્રકારનો દાવો કરતા પૂર્વે મૂળ સ્કીમ જોવી.)

**ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ**

**ત્રીજો માળ, ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ બિલ્ડીંગ,**

**ગુજરાત હાઈકોર્ટ પોસ્ટ ઓફિસ પાસે,**

**ગુજરાત હાઈકોર્ટ કોમ્પ્લેક્ષ, સોલા, અમદાવાદ - ૩૮૦ ૦૬૦.**

**ટોલ ફ્રી નં. : ૧૮૦૦-૨૩૩-૭૯૬૬ / ૧૫૧૦૦**

**સિદ્ધાંત :-**

માનસિક બિમાર અથવા માનસિક અશક્તતાગ્રસ્ત વ્યક્તિઓની સાથે વ્યવહાર કરતા સમયે કાનૂની સેવા સંસ્થાઓએ નીચે મુજબના પરિબળોને ધ્યાનમાં રાખવા જોઈએ :-

**૧. માનસિક બિમારી સાધ્ય છે :-**

કાનૂની સેવા સંસ્થાઓએ એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે માનસિક બિમારી યોગ્ય દવાઓ અને સારસંભાળ થકી સાધ્ય છે.

**૨. માનસિક રીતે અશક્ત વ્યક્તિ, માનસિક બિમાર વ્યક્તિ નથી :-**

માનસિક રીતે અશક્ત વ્યક્તિ એ માનસિક અશક્તતાના વિકાસાત્મક વિકારો (ડિવલોપમેન્ટલ ડિસઓર્ડર)ના કારણે પીડિત છે. માનસિક વિકાસમાં ઉણપ (મેન્ટલ રીટાર્ડેશન)ની પ્રકૃતિ સ્થાયી હોય છે અને તે સાધ્ય નથી. તે જ રીતે સ્વલિનતા (ઓટિઝમ) અને મગજનો પક્ષાઘાત. આ બધા એટલે જ અશક્તતાગ્રસ્ત વ્યક્તિઓ (સમાન અવસર, અધિકારોની રક્ષા અને પૂર્ણ સહભાગિતા) અધિનિયમ, ૧૯૯૫ (પી.ડબલ્યુ.ડી. એક્ટ)ની કલમ-૨ મુજબ અશક્તતાગ્રસ્ત વ્યક્તિ માનવામાં આવે છે. માનસિક રીતે અશક્ત વ્યક્તિના કલ્યાણ માટે મુખ્યત્વે (૧) પી.ડબલ્યુ.ડી. એક્ટ, ૧૯૯૫ અને (૨) નેશનલ ટ્રસ્ટ ફોર ધ વેલફેર ઓફ પર્સન્સ વીથ ઓટિઝમ, સેરેબલ પાલ્સી મેન્ટલ રીટાર્ડેશન એન્ડ મલ્ટીપલ ડિસએબીલીટીઝએક્ટ ૧૯૯૯ મુજબના કાયદા ઉપલબ્ધ છે.

**૩. માનસિક રીતે બિમાર અને માનસિક રીતે અશક્ત વ્યક્તિઓ બધા માનવીય અધિકાર અને મૂળભૂત સ્વતંત્રતા હકદાર છે :-**

માનસિક રીતે બિમાર અને માનસિક અશક્તતાથી ગ્રસ્ત વ્યક્તિઓને કાનૂની સેવાઓ આપતા સમયે, કાનૂની સેવા સંસ્થાનો મુખ્ય ધ્યેય એવો હોવો જોઈએ કે આ વ્યક્તિઓના માનવીય અધિકારો અને મૂળભૂત સ્વતંત્રતાને પ્રોત્સાહિત અને રક્ષિત કરવામાં આવે અને એ સુનિશ્ચિત કરવામાં આવે કે આવી વ્યક્તિ પોતાના માનવીય અધિકારો અને મૂળભૂત સ્વતંત્રતાનો પૂર્ણ અને સમાન રીતે ઉપભોગ કરી શકે.

**૪. માનસિક બિમાર અને માનસિક અશક્તતતાગ્રસ્ત વ્યક્તિઓની જન્મસિદ્ધ ગરિમા માટે સમ્માન :-**

કાનૂની સેવા સંસ્થાઓએ માનસિક બિમાર અને માનસિક અશક્તતાગ્રસ્ત વ્યક્તિઓની જન્મસિદ્ધ ગરિમા, વ્યક્તિગત સ્વાયત્તા સહિત તેઓની સ્વતંત્રતાના હક્કને પ્રોત્સાહિત કરવા જોઈએ.

**૫. ભેદભાવ મુક્ત વ્યવહાર :-**

કાનૂની સેવા સંસ્થાઓએ માનસિક બિમાર તથા માનસિક અશક્તતાગ્રસ્ત વ્યક્તિઓની સાથે માત્ર તેમની માનસિક સ્વાસ્થ્યની સ્થિતિના કારણે ભેદભાવ નહિ કરવો જોઈએ, પરંતુ તેની સાથે અત્યંત સંવેદનશીલતાથી અને કાળજીપૂર્વક વ્યવહાર કરવો જોઈએ.

**૬. પર્યાપ્ત રહેઠાણ :-**

કાનૂની સેવા સંસ્થાઓએ એવી જોગવાઈ કરવી જોઈએ કે જો માનસિક અશક્તતાગ્રસ્ત વ્યક્તિઓ માટે પર્યાપ્ત નિવાસ અને તેમને મળવાપાત્ર કોઈપણ યોજના, કાર્યક્રમ, સુવિધા અથવા સેવા તેઓને સમાન રીતે પહોંચે તેવું સુનિશ્ચિત કરે.

**૭. માનસિક બિમાર વ્યક્તિઓને સારવાર પ્રાપ્ત કરવાનો અધિકાર :-**

ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૧થી મળેલ સારવાર અને યોગ્ય સ્વાસ્થ્યની દેખરેખના અધિકાર, બધા માનસિક બિમાર વ્યક્તિઓ ઉપર પણ સમાન રીતે લાગુ પડે છે. માનસિક બિમાર વ્યક્તિઓ તો જાણકારીના અભાવે અથવા તેમને ગેરકાયદેસર રીતે કોઈ જગ્યાએ પૂરી રાખવાના કારણસર અથવા અંધવિશ્વાસ અથવા સંશાધનોના અભાવ અથવા કહેવાતી કાળી ટીલી વગેરે કારણસર સારવાર પ્રાપ્ત કરવાથી વંચિત રહી જાય છે. એટલે કાનૂની સેવા સંસ્થાઓએ એ સુનિશ્ચિત કરવું જોઈએ કે આવી વ્યક્તિ માનસિક સ્વાસ્થ્ય અધિનિયમ (મેન્ટલ હેલ્થ એક્ટ) ૧૯૮૭ના ચેપ્ટર-૪માં લાગુ જોગવાઈ અનુસાર મનોચિકિત્સક હોસ્પિટલો અથવા મનોચિકિત્સક નર્સીંગ હોમમાં સારવાર ઉપલબ્ધ સુવિધાઓ સુધી સરળતાથી પહોંચી શકે.

**૮. સારવાર માટે જરૂરી સંમતિ :-**

કાનૂની સેવા સંસ્થાઓ સુનિશ્ચિત કરવું જોઈએ કે જ્યારે કોઈ વ્યક્તિ માનસિક બિમારીની સારવાર કરાવતી હોય, ત્યારે તેની સંસૂચિત સંમતિ મેળવી લે. જો કોઈ વ્યક્તિ એવી સંમતિ આપવા સક્ષમ ના હોય તો તેમના સંબંધીઓ અથવા મિત્રોની સંસૂચિત સંમતિ મેળવવી જોઈએ અને તેમની અનુપસ્થિતિમાં, માનસિક સ્વાસ્થ્ય અધિનિયમ, ૧૯૮૭ના અધ્યાય-૫ના ભાગ-૨ મુજબ ન્યાયાલયની સંતુષ્ટિ સુનિશ્ચિત કરી લેવી જોઈએ.

**૯. માનસિક અશક્તતાગ્રસ્ત વ્યક્તિઓના શોષણ અને ઉત્પીડન રોકવાની કાર્યવાહી :-**

માનસિક અશક્તતાથી ગ્રસ્ત વ્યક્તિઓમાં વિશેષ રૂપે માનસિક અશક્તતાથી ગ્રસ્ત મહિલાઓ એવા અતિ સંવેદનશીલ સમૂહ છે કે જેમનું શોષણ સૌથી વધુ થાય છે. જેથી કાનૂની સેવા સંસ્થાઓએ માનસિક અશક્તતાગ્રસ્ત વ્યક્તિઓના યૌન ઉત્પીડન સહિતનું શોષણ અટકાવવામાં મદદ કરવી જોઈએ અને દુર્વ્યવહાર આચરનારાઓ અને શોષણ કરનારાઓ વિરુદ્ધ કાનૂની કાર્યવાહી કરવી જોઈએ.

માનસિક અશક્તતાગ્રસ્ત વ્યક્તિ અને માનસિક બિમાર વ્યક્તિ સામાન્ય રીતે પોતાની માનસિક દશાની અવસ્થાના કારણે તેઓને લાભકારી જોગવાઈઓનો યોગ્ય રીતે ઉપયોગ કરી શકતા નથી. જેથી તેમને સર્વશ્રેષ્ઠ કાનૂની સાક્ષરતા આપી શકાતી નથી કે જે તેમને ન્યાય મેળવવા માટે સશક્ત બનાવી શકે. જેથી કાનૂની સેવા સંસ્થાઓએ કાયદાના સંબંધમાં, આવી વ્યક્તિઓની ક્ષમતાઓ અને જરૂરિયાતો, સામૂહિક ધોરણની સાથે સાથે વ્યક્તિગત ધોરણે પણ મૂલ્યાંકન તથા પરિક્ષણ કરવું જોઈએ અને આવી વ્યક્તિઓની આ પ્રકારની જરૂરિયાતોને પરિપૂર્ણ થાય તે માટે કાનૂની સેવા પ્રદાન કરવી જોઈએ.

**માનસિક બિમાર તથા માનસિક અશક્તતાગ્રસ્ત વ્યક્તિઓ માટે કાનૂની સેવા :-**

ભારતની નામદાર સુપ્રિમ કોર્ટે શીલા બર્સે વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા(ક્રિ.પીટીશન નં. ૨૩૭/૧૯૮૯)માં આપેલ નિર્દેશોનું પાલન કરવા માટે નીચે મુજબના પગલાં લેવાની જરૂરિયાત છે:-

**જેલમાં :-**

- ભારતની સુપ્રિમ કોર્ટ દ્વારા નિર્દેશિત છે કે રાજ્ય કાનૂની સેવા સત્તામંડળે સૌ પ્રથમ સુનિશ્ચિત કરવું જોઈએ કે આ માટે જનહિત યાચિકા હાઈકોર્ટમાં દાખલ થાય અને એક માનનીય ન્યાયાધિશને મામલાની પતાવટ માટે નીમવામાં આવે.
- રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ બધી જેલોમાં રાજ્ય માનસિક સ્વાસ્થ્ય સેવા સંસ્થા (એસ.એમ.એચ.એ.) અથવા હાઈકોર્ટ દ્વારા રચાયેલ કોઈપણ અન્ય ટીમની મદદથી નિરીક્ષણ કરશે અથવા હાઈકોર્ટના નિર્દેશો મુજબ એ સુનિશ્ચિત કરશે કે શું જેલોમાં કોઈ માનસિક બિમાર અથવા માનસિક અશક્તતાગ્રસ્ત વ્યક્તિ છે અને જો છે, તો તેના સ્થળાંતર અને ઉપચાર સંબંધે હાઈકોર્ટ દ્વારા તત્કાળ યોગ્ય નિર્દેશ લેશે.
- રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, રાજ્ય માનસિક સેવા સંસ્થા (એસ.એમ.એચ.એ.)ની સાથે સંકલન કરીને મનોવૈજ્ઞાનિકો/મનોચિકિત્સકો/કાઉન્સેલર્સની એક ટીમની રચના કરીને જેલોની મુલાકાત કરશે અને કેદીઓના માનસિક સ્વાસ્થ્યની હાલતની તપાસ કરશે. ટીમ દ્વારા જરૂરી તપાસના આધાર પર રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, કેદીઓનો મનોવૈજ્ઞાનિકો અથવા મનોચિકિત્સકો દ્વારા ઉપચારને સરળ બનાવવા માટે જરૂરી પગલાં ભરાશે.
- ન્યાયિક મેજિસ્ટ્રેટોએ એ જોવું જોઈએ કે તેઓ માનનીય સુપ્રિમ કોર્ટના નિર્દેશો અનુસાર, માનનીય હાઈકોર્ટને આ બાબતે ત્રિમાસિક રીપોર્ટ મોકલે કે જેમાં તપાસ બાદ એવી વ્યક્તિઓને સુરક્ષિત કસ્ટડીની જગ્યાએ મોકલવા તથા ત્યારબાદ આગળ પગલાં ભરવા સંબંધે કાર્યવાહી કરવામાં આવી હોય. એવા દરેક રીપોર્ટ જે મેજિસ્ટ્રેટ દ્વારા રાજ્ય કાનૂની સેવા સત્તામંડળને આપવામાં આવેલ હોય, ત્યારે તેના ઉપર રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ દ્વારા એ સુનિશ્ચિત કરવામાં આવશે કે કથિત ત્રિમાસિક રીપોર્ટ, માનનીય હાઈકોર્ટના ધ્યાન પર લાવવામાં આવે અને વ્યક્તિગત સ્વરૂપે અથવા અન્ય બાબતે જરૂરી નિર્દેશ તથા આદેશ પ્રાપ્ત કરવામાં આવે. રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ એવો કોઈપણ આદેશ અથવા નિર્દેશ જાહેર થવાની સ્થિતિમાં, સંબંધિત જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ/તાલુકા કાનૂની સેવા સમિતિને આવી વ્યક્તિને જરૂરી મદદ આપવા સારું તેમજ તેના યોગ્ય પાલનનું નિરીક્ષણ સુનિશ્ચિત કરવા સારું જણાવશે અને એવા કોઈપણ આદેશ અથવા નિર્દેશના પાલનમાં થનારા અનાદર અંગે નામદાર હાઈકોર્ટના ધ્યાનમાં લાવશે.

**મનોચિકિત્સક હોસ્પિટલ, ભવન અને સુવિધાઓ :-**

- રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, રાજ્ય સરકાર અથવા ખાનગી સંસ્થા દ્વારા સંચાલિત, બધી મનોચિકિત્સક હોસ્પિટલો, ભવનો અને તેવા જ સુવિધા કેન્દ્રોમાં આગન્તુક બોર્ડ (બોર્ડ ઓફ વિઝીટર્સ)ની રચના કરવા માટે અનુરોધ કરશે, જેમાં રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ/જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના સભ્ય સચિવ/પૂર્ણકાલિન સચિવ પણ સભ્ય હશે. આગન્તુક બોર્ડને આ જગ્યાઓની નિયમિત મુલાકાત લઈ આ સુવિધા કેન્દ્રો, ભવનો અથવા હોસ્પિટલોમાં રહેનાર વ્યક્તિઓની જીવનશૈલીનું મૂલ્યાંકન કરશે.
- રાજ્ય કાનૂની સેવા સત્તામંડળે/આગન્તુક બોર્ડે (બોર્ડ ઓફ વિઝીટર્સ)આ હોસ્પિટલો, ભવનો અને સુવિધા કેન્દ્રના રોગીઓનું પુર્નવલોકન કરવું જોઈએ કે શું અહીં એવા ઉપચાર પામેલા વ્યક્તિઓ છે, જેમને તેમના પરિવારજનો ઘરે પરત લઈ જવા ઈચ્છુક નથી અથવા તે પોતે પોતાના પરિવારનો સંપર્ક કરી શકતો નથી. જ્યારે પણ રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ/જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ અથવા આગન્તુક બોર્ડ એવા રોગીઓની શોધ કરે ત્યારે રાજ્ય કાનૂની સેવા સત્તામંડળે/જિલ્લા કાનૂની સેવા સત્તામંડળે પ્રયત્ન કરવો જોઈએ કે આવા ઉપચાર પામેલા વ્યક્તિ તેમના કુટુંબીજન સાથે ફરીથી જોડાઈ શકે અને તેઓનું તેમના કુટુંબ સાથે પુનર્મિલન થઈ શકે તે માટે બધા પગલાં ઉઠાવવા જોઈએ, જેમાં ઉપચાર પામેલા વ્યક્તિનો તેમના પરિવાર સાથેના મિલન સારું ન્યાયાલયથી આદેશ લેવા માટે કાનૂની પ્રતિનિધિત્વ આપવાનું પણ સામેલ રહેશે.
- કાનૂની સેવા સંસ્થા, એવી મનોચિકિત્સક હોસ્પિટલો, ભવનો અથવા સુવિધા કેન્દ્રોની મુલાકાત કરતા સમયે રોગીઓ, ચિકિત્સકો અને સ્ટાફની સાથે સંવાદ કરતા સમયે એ સુનિશ્ચિત કરશે કે શું અહીં કોઈ એવી વ્યક્તિ પણ છે જેઓને બળજબરીપૂર્વક દાખલ કરાયેલ છે અને જો આવી વ્યક્તિ મળી આવે તો તેવી વ્યક્તિને મનોચિકિત્સક હોસ્પિટલો અથવા ભવનો અથવા સુવિધા કેન્દ્રોમાંથી તેમની મુક્તિ માટે કાનૂની સેવાઓ પ્રદાન કરશે.
- રાજ્ય કાનૂની સેવા સત્તામંડળે/જિલ્લા કાનૂની સેવા સત્તામંડળે મનોચિકિત્સક હોસ્પિટલો, ભવનો અને સુવિધા કેન્દ્રોમાં માનસિક બિમાર/માનસિક અશક્તતાગ્રસ્ત વ્યક્તિઓ અને તેમના પરિવારજનોને માનસિક બિમાર અને માનસિક અશક્તતાગ્રસ્ત વ્યક્તિઓ સંબંધિત કાનૂની વિષયો પર કાનૂની મદદ આપવાના ઉદ્દેશથી કાનૂની સેવા ક્લિનિકની સ્થાપના કરવી જોઈએ.
- એવા કાનૂની સેવા ક્લિનિકને અર્ધ કાનૂની સ્વયંસેવક (પી.એલ.વી.) અને પેનલ વકીલશ્રીઓ દ્વારા સંચાલિત કરવી જોઈએ જે એવી બાબતો તથા વ્યક્તિઓ પ્રત્યે સંવેદનશીલ હોય તેમજ માનસિક સ્વાસ્થ્ય સુવિધા કેન્દ્રોમાં ચિકિત્સકો, નર્સો અને અન્ય અર્ધ ચિકિત્સા કર્મચારીઓ/વહીવટી સ્ટાફને અર્ધ કાનૂની સ્વયંસેવક (પી.એલ.વી.)ના રૂપમાં પ્રશિક્ષણ આપવું યોગ્ય રહેશે. જેથી માનસિક બિમાર, માનસિક અશક્તતાગ્રસ્ત વ્યક્તિઓના કલ્યાણને ધ્યાનમાં રાખી વધુ કાનૂની સેવાઓ આપી શકાય.

**ન્યાયાલયની કાર્યવાહી દરમ્યાન માનસિક બિમાર અને માનસિક અશક્તતાગ્રસ્ત વ્યક્તિઓને કાનૂની સહાય :-**

માનસિક બિમારી તથા માનસિક અશક્તતાગ્રસ્ત વ્યક્તિઓના અધિકારોને સુરક્ષિત કરવા માટે બે અધિનિયમ છે (૧) માનસિક સ્વાસ્થ્ય અધિનિયમ, ૧૯૮૭ અને (૨) નેશનલ ટ્રસ્ટ ફોર ધ વેલ્ફેર ઓફ પર્સન્સ વીથ ઓટિઝમ, સેરેબલ પાલ્સી મેન્ટલ રીટાર્ડેશન એન્ડ મલ્ટીપલ ડિસએબીલીટીઝએક્ટ ૧૯૯૯. આ બંને અધિનિયમ મેજિસ્ટ્રેટ અથવા સ્થાનિક સ્તરની સમિતિ દ્વારા જે કંઈ પણ બાબત હોય તેમાં યોગ્ય આદેશોને પસાર કરતાં પહેલાં સુનાવણીની જરૂરિયાત પર ભાર મૂકે છે. એ મહત્ત્વપૂર્ણ છે કે કાનૂની સેવા સંસ્થા તેમાં પોતાના પી.એલ.વી. અથવા પેનલ વકીલશ્રીઓના માધ્યમથી મદદગાર બને.

- કાનૂની સેવા સંસ્થાની એ ફરજ હશે કે ન્યાયાલયમાં, જ્યાં માનસિક સ્વાસ્થ્ય અધિનિયમ ૧૯૮૭ની કલમ ૧૯, ૨૦, ૨૨, ૨૪, ૨૫, ૨૬, ૨૭ અને ૨૮ મુજબના આદેશો અથવા રીસેપ્શન ઓર્ડર મેળવવા માટે કોઈ અરજી આપવામાં આવી હોય તો તેમાં પોતાના રીટેઈનર/પેનલ વકીલશ્રીની નિમણૂંક કરશે.
- કાનૂની સેવા સંસ્થા બધી બાબતોમાં એવા માનસિક રોગીઓના હિતોની રક્ષા માટે સંબંધિત મેજિસ્ટ્રેટને અરજી કરી શકે છે કે જેના સંબંધમાં રીસેપ્શન ઓર્ડર અથવા ડિસ્ચાર્જ ઓર્ડર મેળવવા સારું અરજી આપવામાં આવી હોય ત્યારે મેજિસ્ટ્રેટશ્રી, કાનૂની સેવા સંસ્થાને આવી અરજી રજૂ થઈ હોવા અંગે નોટીસ આપે.
- રીટેઈનર/પેનલ વકીલશ્રી, એવા કથિત માનસિક બિમાર વ્યક્તિઓની દશાને સુનિશ્ચિત કરતા તેમના સંબંધીઓ, મનોચિકિત્સક હોસ્પિટલ અથવા મનોચિકિત્સક નર્સીંગ હોમ અથવા કોઈ અન્ય વ્યક્તિની સાથે સંપર્ક રાખીને તેમની પરિસ્થિતિઓની માહિતીને એકત્રિત કરશે, જેના માટે ન્યાયાલયમાં રીસેપ્શન ઓર્ડર અથવા ડિસ્ચાર્જ ઓર્ડર મેળવવાની અરજી આપેલ હોય જેથી યોગ્ય આદેશ મેળવી શકે.
- સ્થાનિક હકૂમત ધરાવનાર કાનૂની સેવા સંસ્થા એવા માનસિક બિમાર વ્યક્તિઓની એક